# GUJCET August 2020

## BIOLOGY

**Set No: 14**

1) સુત્રકૃમિ મેલાઈડિગાઈન ઈનકોગ્નીશિયા કયા છોડના મૂળને ચેપ લગાડી તેનું ઉત્પાદન ઘટાડે છે?

(A) કપાસ (B) ટામેટા

(C) મકાઈ (D) તમાકુ

2) નીચેનામાંથી કયું વિધાન જનીન પરિવર્તિત વનસ્પતિ માટે સુસંગત નથી?


(A) વનસ્પતિ દ્વારા ખનીજોના ઉપયોગની કાર્યક્ષમતા વધારે છે.

(B) જીવાતનાશક રસાયણો પરની નિર્ભરતા વધારે છે.

(C) ખોરાકનું પોષણકીય મૂલ્ય વધારે છે.

(D) શીત, અછત, ક્ષાર અને ગરમી જેવી અજૈવિક તાણ સામે પાકોને વધુ સહિષ્ણુ બનાવે છે.

3) નીચેની વંશાવળી નકશો કયા પ્રકારની આનુવંશિકતા દર્શાવે છે?



(A) X- સંલગ્ન પ્રભાવી વંશાવળી

(B) દૈહિક રંગસૂત્ર સંલગ્ન પ્રભાવી વંશાવળી

(C) દૈહિક રંગસૂત્ર-સંલગ્ન પ્રચ્છન્ન વંશાવળી

(D) X- સંલગ્ન પ્રચ્છન્ન વંશાવળી

(રફ કામ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4) મેન્ડલના દ્વિસંકરણ પ્રયોગમાં $F_2$ પેઢીમાં કયા પ્રકારનું પરિણામ મળે છે?

(A) 9 : 3 : 3 : 1 → સ્વરૂપ પ્રકાર

(B) 9 : 3 : 3 : 1 → જનીન પ્રકાર

(C) 1 : 1 : 1 : 1 → જનીન પ્રકાર

(D) 1 : 1 : 1 : 1 → સ્વરૂપ પ્રકાર

5) મનુષ્યનુ રૂધિરજુથ નીચેનામાના કયા પ્રકારનો વારસો દર્શાવે છે?

(i) અપૂર્ણ પ્રભુતા

(ii) સહપ્રભાવિતા

(iii) બહુવૈકલ્પિક કારકો

(iv) પ્લીઓટ્રોપી

(A) (ii) અને (iii)   (B) (i) અને (ii)

(C) (ii) અને (iv)   (D) (iii) અને (iv)

6) મધ્યસ્થ પ્રણાલી [X] વૈજ્ઞાનીકે સમજાવી હતી જેમાં ક્રમશઃ [Y] અને [Z] પ્રક્રિયા જોવા મળે છે. તે માટે નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) [X] - ગ્રિફિથ   [Y] - રૂપાંતરણ   [Z] - પ્રત્યાંકન

(B) [X] - વોટસન અને ક્રિક   [Y] - રૂપાંતરણ   [Z] - સ્વયંજનન

(C) [X] - ફ્રાન્સીસ ક્રિક   [Y] - પ્રત્યાંકન   [Z] - ભાષાંતર

(D) [X] - હર્શી અને ચેઈઝ   [Y] - સ્વયંજનન   [Z] - ભાષાંતર

(રફ કામ)

Student Bro



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

7) માનવ ઉદ્‌વિકાસમાં મગજની સૌથી ઓછી ક્ષમતા ધરાવતો માનવ કોણ હતું?

(A) હોમો હેબિલિસ

(B) નિએન્ડરથલ માનવ

(C) હોમો સેપિયન્સ

(D) હોમો ઈરેક્ટસ

8) સ્થિર વિદ્યુત અવક્ષેપન પદ્ધતિ દ્વારા કયા સ્વરૂપી દ્રવ્યો દૂર કરી શકાય છે?

(A) કણ

(B) વાયુ

(C) પ્રવાહી

(D) ઉપરનામાંથી કોઈપણ નહિં.

9) નીચેનામાંથી કોને 'ટેરર ઓફ બેંગાલ' તરીકે ઓળખવામાં આવે છે?

(A) ગંધારી

(B) ગાજર ઘાસ

(C) પ્રસ્ફુટનકારી લીલ

(D) જળકૂંતિ

10) દક્ષિણ અમેરિકાના એમેઝોન વર્ષાવનોમાં ________ પક્ષીઓની જાતિ જોવા મળે છે.

(A) 1300 (B) 3000

(C) 427 (D) 378

(રફ કામ)

Student Bro



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

11) બેક્ટેરિયા અને ફૂગના ઉત્સેચકો મૃત અવશેષીય પદાર્થને સરળ અકાર્બનિક પદાર્થોમાં વિઘટન કરે છે. આ પ્રક્રિયા ______ કહેવાય છે.

(A) સેન્દ્રીયકરણ

(B) અપચય

(C) ખનીજીકરણ

(D) અવખંડન

12) વિર્હુસ્ટ-પર્લ વૃદ્ધિ નીચેનામાંથી કયા સમીકરણ દ્વારા વર્ણવી શકાય છે?

(A) $\frac{dt}{dN} = rN\left(\frac{K}{K-N}\right)$

(B) $\frac{dN}{dt} = rN$

(C) $\frac{dN}{dt} = rN\left(\frac{K-N}{K}\right)$

(D) $\frac{dN}{dt} = rN\left(\frac{K+N}{K}\right)$

13) લેક-ઓપેરોનમાં ત્રણ બંધારણીય જનીનો ($z, y$ અને $a$) મળીને ક્રમિક કયા ઉત્સેચકોનું નિર્માણ કરે છે.

(A) β - ગેલેક્ટોસાઈડેઝ, પર્મીએઝ, ટ્રાન્સએસિટાઈલેઝ

(B) β - ગેલેક્ટોસાઈડેઝ, લાયપેઝ, ટ્રાન્સએસિટાઈલેઝ

(C) β - ગેલેક્ટોસાઈડેઝ, કાર્બોક્સિલેઝ, ટ્રાન્સએસિટાઈલેઝ

(D) β - ગેલેક્ટોસાઈડેઝ, પર્મીએઝ, એસિટાઈલેઝ

---

(રફ કામ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

14) બોગનવેલના કંટક અને કુકરબીટાના પ્રકાંડસૂત્ર શાનું ઉદાહરણ દર્શાવે છે?

(A) સમમૂલક અંગો

(B) કાર્ય સદૃશ્ય અંગો

(C) અવશિષ્ટ અંગો

(D) આમાંથી કોઈપણ નહીં.

15) જો કોઈ વ્યક્તિના હિમોગ્લોબીનની β ગ્લોબિન શૃંખલાના છઠ્ઠા ક્રમ એસિડ (Glu) ના સ્થાન પર વેલાઈન (Val) જોડાતા તે વ્યક્તિમાં કયા પ્રકારનો રોગ જોવા મળે છે?

(A) સિકલ-સેલ એનિમિયા

(B) આલ્બીનીઝમ

(C) હિમોફિલીયા

(D) ફિનાઈલકીટોન્યુરીયા

16) પ્રથમ પારજનીનિક ગાય 'Rosie' માં કયા પ્રકારના પ્રોટીન સ્તર દૂધ જોવા મળે છે?

(A) પેરાફેસીન

(B) કેસીન

(C) આલ્ફાલેક્ટાલ્બ્યુમિન

(D) આલ્બ્યુમિન

17) નીચેનામાંથી કઈ આંતરજાતીય આંતરક્રિયા (+, 0) વડે દર્શાવી શકાય છે?

(A) પ્રતિજીવન

(B) સહપરોપકારિતા

(C) સહભોજીતા

(D) સ્પર્ધા

(રફ કામ)



Student Bro
Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

18) કુલ વૈશ્વિક ઉષ્ણતામાન માટે વિવિધ ગ્રીનહાઉસ વાયુઓમાં શેનું સાપેક્ષ યોગદાન 14% હોય છે?

(A) મિથેન (B) $N_2O$

(C) CFC (D) $CO_2$

19) કોલમ I અને કોલમ II સાથે યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પસંદ કરો.

| કોલમ - I | | કોલમ - II | |
|---|---|---|---|
| (i) | કોષાંતરીય અંતરાય | (p) | મુખમાંની લાળ |
| (ii) | દેહધાર્મિક અંતરાય | (q) | ઈન્ટરફેરોન |
| (iii) | કોષરસીય અંતરાય | (r) | નૈસર્ગિક મારક કોષો |
| (iv) | શારીરિક અંતરાય | (s) | શ્વસન માર્ગનું શ્લેષ્મ આવરણ |

(A) (i - p) (ii - s) (iii - r) (iv - q)

(B) (i - r) (ii - q) (iii - s) (iv - p)

(C) (i - r) (ii - p) (iii - q) (iv - s)

(D) (i - p) (ii - q) (iii - s) (iv - r)

20) નીચેનામાંથી પેલિન્ડ્રોમ બેઈઝનો ક્રમ ઓળખો.

(A) 5'-TCATCA-3'
3'-AGTAGT-5'

(B) 5'-GAATTC-3'
3'-CTTAAG-5'

(C) 5'-GAATTC-3'
3'-CUUAAG-5'

(D) 5'-TACCAT-3'
3'-ATGGTA-5'

21) પિતા રંગઅંધ છે અને માતા સામાન્ય છે તો પુત્રના રંગઅંધ થવાના કેટલા ટકા ચાન્સ હોઈ શકે?

(A) 25% (B) 0%

(C) 50% (D) 100%

(રફ કામ)

Student Bro



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


FREE!
JEE & NEET
GUJCET
ગુજરાતી - - English - - हिन्दी
• PYQ Mock Test
• Chapter & Topic-Wise PYQs (Updated 2026)
• NCERT Line by Line MCQs.
• AR, Statement, Diagram Based Questions.
• Detailed Step-by-Step Solutions
ExamBro
Preparing for Medical
Preparing for Engineering
# Exam Bro
CLICK HERE!
Download Now
EXAMBRO
For Students
Questions by Chapter
View All
JEE Mains
NEET
GUJCET
2026 Qs ADDED
Toolbox
NCERT Line by line
AR & Statement
Diagram
Chapter wise PYQ
View All
JEE Mains
NEET
GUJCET
2026 Qs ADDED
NEW
PYQ Mock Tests
Join Online Mock Tests
Chapter AI
Your Smart Learning Assistant for Every Chapter
Home
Tests
My Exams
Profile
ExamBro

22) અંડવાહિનીનો કયો ભાગ અંડપિંડની નજીક હોય છે?

(A) તુંબિકા
(B) નિવાપ
(C) ઈથમસ
(D) ફિમ્બ્રી


23) નીચેનામાંથી સાચી જોડી પસંદ કરો.

(A) વાદળી - ચલબીજાણુઓ
(B) હાઈડ્રા - કુટપાદીય બીજાણુઓ
(C) અમીબા - અંતકલિકા
(D) પેનિસિલિયમ - કણીબીજાણુઓ

24) સમજન્યુઓ ____ માં જોવા મળે છે.

(A) ફ્યુકસ
(B) હોમો સેપિયન્સ
(C) ક્લેડોફોરા
(D) ઉપરનામાંથી કોઈપણ નહીં.

25) નીચેની નામનિર્દેશનવાળી આકૃત્તિમાં કયો વિકલ્પ સાચો છે?




(A) (i) પોષકસ્તર (ii) મધ્યસ્તર (iii) સ્ફોટીસ્તર (iv) અધિસ્તર
(B) (i) અધિસ્તર. (ii) સ્ફોટીસ્તર (iii) મધ્યસ્તર (iv) પોષકસ્તર
(C) (i) અધિસ્તર (ii) મધ્યસ્તર (iii) સ્ફોટીસ્તર (iv) પોષકસ્તર
(D) (i) અધિસ્તર (ii) પોષકસ્તર (iii) મધ્યસ્તર (iv) સ્ફોટીસ્તર

(રફ કામ)

Student Bro



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

26) ______ દ્વારા અંડકનો દેહ અંડકનાલ સાથે જોડાયેલો હોય છે.

(A) અંડક છિદ્રીય પ્રદેશ (B) અંડકતલ

(C) બીજકેન્દ્ર (D) પ્રદેહ

27) વિધાન X,Y અને Z માટે કયો વિકલ્પ સાચો છે?

વિધાન - X : એસ્ટરેસી અને ઘાસના કુળની કેટલીક સપુષ્પી વનસ્પતિ અસંયોગીજનન દર્શાવે છે.

વિધાન - Y : અસંયોગીજનન એ લીંગી પ્રજનનની નકલ કરતું અલિંગી પ્રજનન છે.

વિધાન - Z : કેટલાક અસંયોગી બીજમાંથી અધિકરણ વગર દ્વિકીય અંડકોષનું નિર્માણ થાય છે.

(A) વિધાન X અને Y સાચાં છે. પણ Z ખોટું છે.

(B) વિધાન X સાચું છે. પણ વિધાન Y અને Z ખોટાં છે.

(C) વિધાન X ખોટું છે. પણ Y અને Z સાચાં છે.

(D) તમામ વિધાન X, Y અને Z સાચાં છે.

28) નીચેનામાંથી કયો માર્ગ શુક્રકોષના વહન માટે યોગ્ય છે?

(A) શુક્રોત્પાદક નલિકામાંથી → શુક્રવાહિકાઓ → વૃષણજાળી → શુક્રવાહિની

(B) શુક્રોત્પાદક નલિકામાંથી → વૃષણજાળી → શુક્રવાહિકાઓ → અધિવૃષણ નલિકા

(C) શુક્રોત્પાદક નલિકામાંથી → શુક્રવાહિની → શુક્રવાહિકાઓ → વૃષણજાળી

(D) શુક્રોત્પાદક નલિકામાંથી → વૃષણજાળી → શુક્રવાહિની → શુક્રવાહિકાઓ

(રફ કામ)


Student Bro




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

29) ઋતુચક્ર માટે પિટ્યુટરી અંતઃસ્ત્રાવ અને અંડપિંડિય અંતસ્ત્રાવનો આલેખીય નિર્દેશન માટે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે?


(A)





(B)




(C)




(D)




(રફ કામ)

Student Bro



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

30) ગર્ભના વિકાસ દરમ્યાન ______ માં ગર્ભમાં ઉપાંગો અને આંગળીઓ વિકાસ પામે છે.

(A) બાર અઠવાડિયા
(B) ચાર અઠવાડિયા
(C) આઠ અઠવાડિયા
(D) બે અઠવાડિયા

31) મલ્ટિલોડ 375 ______ પ્રકારનું IUDs છે.

(A) Cu મુક્ત કરતું
(B) બિન ઔષધિય
(C) અંતસ્ત્રાવ મુક્ત કરતું
(D) Mg મુક્ત કરતું

32) કુદરતી ગર્ભનિરોધક પદ્ધતિ ______ છે.

(A) પિલ્સનો ઉપયોગ
(B) વંધ્યીકરણ
(C) સંવનન અંતરાલ
(D) નિરોધનો ઉપયોગ

33) દુગ્ધ સ્ત્રવણના પ્રારંભિક દિવસોમાં માતાના સ્તનમાંથી સ્ત્રવતું પીળાશ પડતું પ્રવાહી 'કોલોસ્ટ્રોમ' શાનું ઉદાહરણ છે?

(A) સક્રિય પ્રતિકારકતા
(B) નિષ્ક્રિય પ્રતિકારકતા
(C) સ્વપ્રતિકારકતા
(D) કોષીય મધ્યસ્થી પ્રતિકારકતા

34) કોલમ I અને કોલમ II ની તદ્દન સાચી જોડ દર્શાવતો વિકલ્પ પસંદ કરો.

| કોલમ - I | કોલમ - II |
|---|---|
| (i) પેપાવર સોમનીફેરમ | (p) મેરીઝુઆના |
| (ii) કેનાબિસ સટાઈવા | (q) કોકેઈન |
| (iii) ઈરિથ્રોઝાયલમ કોકા | (r) ભ્રામકતા પ્રેરક |
| (iv) ધતૂરો | (s) ઓપીઓઈડ્સ |

(A) (i - p) (ii - q) (iii - r) (iv - s)
(B) (i - s) (ii - p) (iii - q) (iv - r)
(C) (i - q) (ii - r) (iii - s) (iv - p)
(D) (i - r) (ii - s) (iii - p) (iv - q)

(રફ કામ)

Student Bro



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

35) એક વ્યક્તિના પશ્ચઉપાંગમાં લસિકાવાહિનીઓમાં દીર્ઘકાલીન સોજો અને જનનાંગોમાં વિકૃતિ સર્જાય છે. તો તે વ્યક્તિમાં કયો રોગ હશે?

(A) ફિલારિઆસિસ
(B) અમીબીઆસિસ
(C) એસ્કેરિઆસિસ
(D) મેલેરિયા

36) પુસા સ્વર્ણિમ એ [X] પાકની જાત છે. જે [Y] રોગ સામે પ્રતિરોધક છે.

(A) [X] - ફ્લાવર [Y] - પર્ણવલન
(B) [X] - ઘઉં [Y] - કાળો સડો
(C) [X] - રાઈ [Y] - સફેદ ગેરૂ
(D) [X] - ચોળા [Y] - બેક્ટેરિયલ સુકારો

37) નીચેનામાંથી X, Y અને Z માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| પાક | જાત | કીટક |
|---|---|---|
| (i) રાઈ | પુસા ગૌરવ | [Z] |
| (ii) [X] | પુસા સેમ-2 | જેસિડ્સ |
| (iii) ભીંડા | [Y] | પ્રકાંડ ભેદક |

(A) X - ચપટા કઠોળ Y - પુસા સેમ-3 Z - ફળ ભેદક
(B) X - ચપટા કઠોળ Y - પુસા A-4 Z - એફિડ્સ
(C) X - રાઈ Y - પુસા A-4 Z - પ્રકાંડ ભેદક
(D) X - રાઈ Y - પુસા સવાની Z - ફળ ભેદક

(રફ કામ)

Student Bro



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

38) દર્દીઓના અંગપ્રત્યારોપણ દરમ્યાન પ્રતિકારકતા ઘટાડનાર ઘટક તરીકે શાનો ઉપયોગ થાય છે?

(A) સાયક્લોસ્પોરિન A
(B) સ્ટેટિન્સ
(C) સ્ટ્રેપ્ટોકાઈનેઝ
(D) લાઈપેઝ

39) માઈકોરાઈઝાના સંદર્ભમા કયો વિકલ્પ સાચો છે?

(i) તે ભુમિમાંથી ફોસ્ફરસનું શોષણ કરે છે.
(ii) તે રાઈઝોબીયમ બેક્ટેરિયા સાથે ગંડિકાનું નિર્માણ કરે છે.
(iii) તે મૂળમાં રોગ પ્રેરતા રોગકારકો સામે તથા ક્ષાર અને શુષ્કતા સામે ટકી રહે છે.
(iv) તે વાતાવરણમાંના નાઈટ્રોજનનું સ્થાપન કરે છે.

(A) (i), (ii) અને (iii)
(B) (i) અને (ii)
(C) (i) અને (iii)
(D) (ii) અને (iv)

40) પુનઃસંયોજીત DNA ટેક્નોલોજીમાં કયા અભિરંજક દ્વારા અલગીકૃત DNA ને અભિરંજીત કરી UV કિરણો દ્વારા જોઈ શકાય છે?

(A) લેસમાન અભિરંજક
(B) ઈથીડિયમ બ્રોમાઈડ
(C) સેફ્રેનીન
(D) એસિટોકાર્માઈન

(રફ કામ)

Student Bro



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



FREE!
JEE & NEET
GUJCET
ગુજરાતી - - English - - हिन्दी
• PYQ Mock Test
• Chapter & Topic-Wise PYQs (Updated 2026)
• NCERT Line by Line MCQs.
• AR, Statement, Diagram Based Questions.
• Detailed Step-by-Step Solutions
ExamBro
Preparing for Medical
Preparing for Engineering
# Exam Bro
CLICK HERE!
Download Now
EXAMBRO
For Students
Questions by Chapter
View All
JEE Mains
NEET
GUJCET
2026 Qs ADDED
Toolbox
NCERT Line by line
AR & Statement
Diagram
Chapter wise PYQ
View All
JEE Mains
NEET
GUJCET
2026 Qs ADDED
NEW
PYQ Mock Tests
Join Online Mock Tests
Chapter AI
Your Smart Learning Assistant for Every Chapter
Home
Tests
My Exams
Profile
ExamBro